# સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## જૈન તીર્થોની ભવ્ય ગાથા- વ્યાખ્યાન માળા

### વ્યાખ્યાન – ૩ મથુરાનો કંકાલીટીલા સ્તૂપ-૨

**વ્યાખ્યાતા- શ્રી અર્પિતભાઈ શાહ**

**તારીખ – ૨૪/૧૨/૨૦૨૨**

ગુપ્ત કાળમાં કલાની પ્રગતિ થઈ એના પછી મધ્યકાળ આવ્યો. એના પછી આપણે જાણશું કે વર્તમાનમાં મથુરામાં શું પરિસ્થિતિ છે? કેવા કેવા જિનાલયો છે? એ આપણે આજના સેશનમાં જોઈશું. ગુપ્તકાળ ની અંદર આપણે જોઈએ છીએ કે ઈસુની ચોથી સદી થી છઠી સદી સુધી ગુપ્તકાળ ચાલતો રહ્યો અને એમ કહેવાય છે કે ઇતિહાસકારો એમ કહે છે કે આજે ગુપ્તકાળ હતો એ ગોલ્ડન ઈરા એટલે કે સુવર્ણ સમય હતો ભારતના ઇતિહાસનો. એમાં ગુપ્ત વંશનું જે શાસન હતું એમાં કળા ને ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. 21 રાજ્યો તે વખતે ગુપ્ત વંશ માં રાજ કરતા હતા અને એમ કહેવામાં આવ્યું છે કે મહાભારત અને રામાયણ પણ તે સમયે લખવામાં આવ્યા હતા. લિપિબદ્ધ થયા હતા જે મૌખિક પરંપરામાં ચાલતા હતા. મહાભારત જેવા શાસ્ત્રો, પુરાણો, વૈદિક પુરાણો જે હતા તેને પણ લીપીબદ્ધ કરવાનું કામ આ સમય માં થયું. આ ગુપ્તકાળ અને જૈન દ્રષ્ટિએ આપણે જોઈએ તો તે સમયમાં જે રાજાઓ હતા બધા ભલે તેઓ વૈદિક ધર્મને સંસ્કૃતિને મુખ્ય માનતા હતા પણ સાથે જૈનધર્મ ને પણ એટલું જ પ્રોત્સાહન આપતા હતા. તે સમયમાં જે કલાકારો દ્વારા આપણે જે જોઈએ છે સૌથી પહેલા પ્રતિમા પ્રપોશનલેટ સપ્રમાણ પ્રતિમાઓ બનવા લાગી. એના પહેલા ની જેટલી પણ પ્રતિમાઓ આપણે કુષાણ કાલમાં જોઈ એ સપ્રમાણ નહોતી. એમાં પણ ખાસ કરીને ઉભી પ્રતિમાઓ જોઈએ તો એનું મુખ મોટું બનાવવામાં આવતું હતું.મુખના  પ્રમાણમાં શરીર થોડુંક નાનું બનાવવામાં આવતું હતું . પણ ગુપ્તકાલીન પ્રતિમાઓથી આપણે જોવા મંડ્યા કે સપ્રમાણ પ્રતિમાઓ બનવા મંડી અને સૌથી પહેલા જોઈએ તો ગુપ્તકાળ ની જે પ્રતિમાઓ

હતી એની મુખાકૃતિમાં પણ ફેરબદલ આવ્યો હતો. કુષાણ કાલની અંદર પ્રતિમાઓ બહુ સ્ટીફ હતી, ભારે અને વિશાળ બનાવવામાં આવતી હતી. પ્રતિમાનું જે મોઢું હતું એમાં આંખો સ્પષ્ટ પણે ખુલ્લી બતાવવામાં આવતી હતી અને મુખ પર હાસ્ય હતું. પણ ગુપ્તકાળ ની અંદર પ્રભુના મુખની અંદર કરુણા ભાવ એ વધારવામાં આવ્યો. પ્રભુ ધ્યાનમગ્ન દેખાડવામાં આવ્યા. પહેલા આંખો સ્પષ્ટપણે ખુલી રહેતી હતી, જે હવે ધ્યાન મગ્ન કરવામાં આવી. પ્રતિમા ની અંદર શાંતિ, સંયમ, ધ્યાન,આધ્યાત્મિકતા વધારે દેખાવા માંડી અને ભગવાનની મુખાકૃતિ વધારે સુંદર બનાવવામાં આવી. આજ ગુપ્તકાળની અંદર ભગવાનના વાળની ડિઝાઇન પાછી ચેન્જ કરવામાં આવી. પહેલા સીધા સીધા વાળ બનાવવામાં આવતા હતા,અલગ અલગ ડીઝાઇન બનાવવામાં આવતી હતી. હવે ગુપ્તકાળમાં વાંકડિયા વાળ બનાવવાની પ્રથા શરૂ થઈ. કાનની પાછળ લટો બનાવવાની શરૂઆત થઈ. લાંબા લાંબા હાથોની આકૃતિ બનાવવાનું શરૂ થયું. જે પહેલા કમળ આકારનું ભા મંડળ હતું એ હવે શિફ્ટ થઈને તેનો આકાર બદલાઈ ગયો. તેનો આકાર હવે સૂર્યની કિરણો કેવી રીતે બહાર નીકળે છે ત્યારે તેનું જે તેજસ્વીરૂપ દેખાય છે તેવું રૂપ દેખાવાનું શરૂ થઈ ગયું .સાદુ જે આ મંડળ હતું તેને ખૂબ જ વિપુલ રીતે સુશોભિત પ્રભા મંડળ જેવું બનાવવામાં આવ્યું. આ ગુપ્તકાળ જ્યારે ખતમ થવામાં આવ્યો પાંચમી છઠ્ઠી સદી હતી. તે સમયે એક નવી કલા પ્રારંભ થઇ કે પ્રતિમા આસન ઉપર બેસતી હતી. એ આસન નો એક ભાગ નીચે ઝૂલાવવામાં આવતો હતો અને એ આસન ઉપર અલગ અલગ જાતની કોતરણીઓ કરવામાં આવતી હતી. તે પણ એ સમયનું અદભુત સીલ્યાંકન હતું. આ સમયમાં લાંછન કોતરવાની પ્રથા શરૂ થઈ લગભગ ચોથી થી પાંચમી સદીની માં લાંછન કોતરવાની પ્રથાની શરૂઆત થઈ. લાંછન યુક્ત પ્રતિમાઓ પ્રાપ્ત થાય છે. પણ મથુરામાં હજી આપણે જોઈએ તો મથુરામાં આપણને ચોથી પાંચમી સદી થી લાંછન દેખાતા નથી. એ આઠ સાતમી આઠમી સદી થી દેખાય છે. લાંછનયુક્ત પ્રતિમાઓ જોવા મળે છે .તો સૌથી પ્રાચીન લાંછનની પ્રતિમા અને પુરા વિશ્વકર્મા પ્રાપ્ત થાય છે તે વૈભાર ગીરી એટલે કે રાજગીરીમાં છે આ રાજગિરી ની અંદર માં ગીરીમાં પાર્શ્વ પહાડ છે. વૈભારગીરી ઉપર એક પ્રાચીન સ્તૂપ છે. એમાં ખૂબ જ અનેક પ્રાચીન પ્રતિમાઓ છે. એમાંથી એક જે ગુપ્તકાલીન પ્રતિમા છે કે જેને ચંદ્રવીજાના સમયના શાસનની છે એમાં નેમીનાથ ભગવાનની પ્રતિમા માં

સૌથી પ્રથમ આપણને લાંછન અને શિલાલેખ પણ પ્રાપ્ત થયો છે. એટલે આપણને ખબર પડે છે કે એ કયા કાળની છે એટલે લગભગ ચોથી શતાબ્દીની છે. વિશ્વની સૌથી પ્રાચીન પ્રતિમા છે પણ આપણે મથુરામાં જોઈએ તો આઠમી સદી પહેલા આપણને લાંછનયુક્ત પ્રતિમાઓ પ્રાપ્ત થતી નથી.

આપણે અન્ય ગુપ્તકાલીન પ્રતિમાઓ વિશે જોઈએ. તો સૌથી પ્રથમ આદિનાથ ભગવાન છે ચોવીશી યુક્ત.એ પછી શ્રી વત્સ યુક્ત પ્રતિમા, ધર્મચક્રના અંકન વાળી પ્રતિમા, ઋષભદેવ ની બીજી પ્રતિમા આપણને મળે છે. ધ્યાન મગન અવસ્થામાં માત્ર મુખવાળી પ્રતિમા આપણને પ્રાપ્ત થઈ છે. આપણે ગુપ્તકાલીન પરંપરામાં પણ જોયું કે કુશાનકાળમાં પણ નેમિનાથ ભગવાનની પ્રતિમા બનાવવામાં આવતી હતી જેની એક એક તરફ શ્રીકૃષ્ણ અને એક તરફ બલરામ ઉભા રહેતા હતા. એ પ્રથા ગુપ્તકાલીનમાં પણ ચાલી આજે પણ આવી પ્રતિમા પ્રાપ્ત થઈ છે. ભગવાનની પ્રતિમા આપણને પ્રાપ્ત થઈ છે. છઠ્ઠી સદીના સર્વતો ભદ્રની પ્રતિમા પ્રાપ્ત થઈ છે. તો સર્વતોભદ્ર એટલે ચતુર્મુખી પ્રતિમા. શાસન જ્યારે પૂરું થવા આવ્યું હતું એક નવી પરંપરા શરૂ થઈ હતી પરમાત્મા એક આસન ઉપર બિરાજમાન છે એ આસન નીચે પરમાત્માનું આસન નીચે પણ લટકેલ રહે છે, જેની પ્રતિમા આપણને પ્રાપ્ત થઈ છે. અલગ અલગ કલાકારી દેખાડવામાં આવી છે કે આસન હતું એ કેટલું સુંદર હતું. ચોથી શતાબ્દીની આદિનાથ ભગવાનની પ્રતિમા આપણને પ્રાપ્ત થાય છે. જે ખડગાસન મુદ્રામાં છે, કાઉસગ્ગ મુદ્રામાં છે. પ્રકારની અંતિમ છેડાની લગભગ છઠ્ઠી સદીની સર્વતોભદ્ર ની પ્રતિમાઓ છે. આદિનાથ ભગવાન નેમિનાથ ભગવાન પાર્શ્વનાથ ભગવાન તથા શ્રી મહાવીર સ્વામી ભગવાન ની પ્રતિમા સર્વ ભક્તિ મામા જોવા મળે છે ચારેય પરમાત્માઓનું અંકન કરવામાં આવ્યું છે. ખૂબ જ સરસ રીતે પરમાત્મા ઉપર અશોક વૃક્ષ દેખાડવામાં આવ્યું છે. આદિનાથ ભગવાનની હેર સ્ટાઇલ પાછી અલગ કરવામાં આવી છે પાછળથી લટ દેખાય છે ભગવાનની. પાશ્વનાથ ભગવાનની આપણને મળે છે પ્રતિમા ભાવ મંડળની ડિઝાઇન આખી અલગ છે. આવી ડીવાઈનો આપણને ક્ષત્રિય કુંડ આદિ તીર્થો માં પણ જોવા મળે છે. આ પ્રતિમાઓનું આ એક અદભૂત શીલ્યાંકન હતું જે તે સમયમાં કરવામાં આવતું હતું.

આ કાળ માં બે અદભુત પ્રતિમા આપણને પ્રાપ્ત થઈ છે જે મહાવીર સ્વામીની રાજ્યાવસ્થા દેખાડે છે. આ શિલ્પ ની અંદર મહાવીર સ્વામીની રાજ્યવસ્થા દેખાડવામાં આવી છે અને બાજુમાં રાજાનંદી વર્ધન છે કે આ મહાવીર સ્વામી નંદીરાજાને વિનંતી કરે છે કે હે ભ્રાતા મને દીક્ષા લેવી છે અને મને અનુજ્ઞા આપો. એ દ્રશ્ય દર્શાવતું ભગવાન મહાવીરનું શિલ્પ મળે છે. ભગવાન મુગુટધારી છે અને લોકાંતિક દેવો ભગવાન મહાવીરને વિનંતી કરવા આવે છે કે આપ પધારો દીક્ષા લેવા. તેનું પણ આપણને અહીં એક દ્રશ્ય દેખાય છે. એમાં આપણે નીચે જોઈએ તો લોકાતીક દેવો સાથે રાજા નંદીવર્ધન રાજા અને એક સ્ત્રી ની આકૃતિ બનાવવામાં આવી છે. એ કોણ છે તે હજુ સ્પષ્ટ થયું નથી. બૌદ્ધ સંશોધકો જે છે એમનું માનવું છે કે આ બંને પ્રતિમાઓ બુદ્ધ સંપ્રદાયની છે, પણ આ બંને જૈન સંપ્રદાયની છે જૈન સ્તૂપ થી પ્રાપ્ત થઈ છે એટલે બૌદ્ધ સંપ્રદાયનું હોવાનું કોઈ સવાલ જ નથી એટલે આ બંને પરમાત્માના રાજાસ્થાના પ્રસંગો દર્શાવે છે અને આના ઉપર ઘણું રિસર્ચ થયેલું છે. સંશોધકોએ નીરવિવાદ પ્રમાણે કહેલું છે કે આ બંને મહાવીર સ્વામીની પ્રતિમાઓ છે.

આપણે ગુપ્તકાળના અવશેષ જોયા હવે આપણે મધ્યકાળના અવશેષ જોઈએ એ કાળમાં કેવા કેવા પરિવર્તનો થયા અને પરમાત્માની કેવી કેવી પ્રતિમાઓ બની એ આપણે જોયું હવે આપણે મધ્યકાળનું મધ્યકાળમાં પ્રતિમાઓ કેવી બનવા માંડી એને આપણે જોઈએ. મથુરામાં આપણે જોઈએ તો સૌથી પ્રાચીન પરંપરા એટલે કે 2200 વર્ષ પહેલા જે પ્રતિમાઓ બનવા માંડી હતી એ ધીરે ધીરે એનું લાક્ષણિક સ્વરૂપ કેવી રીતે બદલાયું આર્ટિસ્ટીકલી એ કેવી રીતે બદલાતી ગઈ એને આપણે જોઈએ. મધ્યયુગ હતો તે નવમી થી 12 મી સદી વચ્ચેનો નો હતો. એ સમયમાં સંપૂર્ણપણે અષ્ટ આર્યવર્તીપરીકર બનવાનો કાળ હતો. પરમાત્મા ની પ્રતિમાઓ ખુબ સરસ બનવા માંડી. પરીકર ની અંદર સિંહ, હાથી જેવા અલગ અલગ પ્રકારના શિલ્પો દર્શાવવામાં આવ્યા હતા. વચ્ચે પ્રાસાદ દેવી બનાવવામાં આવતી હતી. બંને તરફ શાસન દેવ દેવીઓનું અંકન થવા માંડ્યું હતું. તો ઘણી બધી પ્રગતિ થઈ હતી. પ્રગતિનું યુગ હતો. અને તે સમયે સ્પષ્ટપણે કટીવસ્ત્ર બનાવવાની પરંપરા શરૂ થઈ હતી. દિગંબર પરંપરામાં બપ્પભટ્ટી સૂરીશ્વરજી મહારાજના સમયમાં એની કથા આપણને સ્પષ્ટપણે મળે છે. સમય

દિગંબર સાથે ભવિષ્યમાં  કોઈ વિવાદ ના થાય એ માટે તેઓ સ્પષ્ટપણે આ શ્વેતાંબર પરંપરામાં શરૂ કરી દીધી હતી કે હવે પછી જે પણ સ્વતંત્ર પ્રતિમાઓ બનશે એમાં સ્પષ્ટપણે કટી વસ્ત્ર, કંદોરો ધોતી નું અંકન કરવામાં આવશે. પ્રતિમાજી ને નગ્ન રૂપે દેખાડવામાં આવશે નહીં. તે બપ્પભટ્ટી  સૂરીશ્વરજી મહારાજ એટલે કે આઠમી સદીથી આ પ્રથા શરૂ થઈ હતી. એટલે આપણે જે મધ્યકાલીન પ્રતિમાઓ જોઈ તેમાં પણ આપણને આ સ્પષ્ટ પણે દેખાય છે નગ્ન પ્રતિમાઓ પણ બનતી હતી દિગબર પરંપરામાં. શ્વેતાંબર પરંપરામાં કટી સૂત્રની પ્રતિમાઓ પણ  બનતી હતી. પહેલા આપણે જોયું હતું કે શ્રીવત્સ 19 અલગ અલગ ડિઝાઇનમાં બનતો હતો પણ હવે જે વર્તમાનમાં પણ પ્રતિમાઓ જોવા મળે છે એમાં ફરક છે. મધ્યકાળથી આપણે જોઈએ છે કે શ્રી વત્સ બદલાઈ ગયું છે કે જે કાજુકતરીના શેપ નું આપણે જોઈએ છે કે આજે પણ પ્રચલિત છે આપણા જીનાલયો માં જોવા મળે છે મધ્યકાળથી શરૂ થયો. મધ્યકાળમાં આપણે જોઈ શકીએ છીએ કે પ્રતિમાઓ ઉપર આ લાક્ષણિકતાઓ બદલાઈ ગઈ હતી. પરમાત્મ ઉપર જે શ્રી વત્સનું અંકન હતું તેમાં ફેરફાર થયો.

મધ્ય કાલીન પ્રતિમાઓ આપણે જોઈએ છીએ તેમાં આપણને સ્પષ્ટપણે દેખાય છે કે બંને તરફ સિંહ છે વચ્ચે ધર્મચક્ર છે. આ ચારેય પ્રતિમાઓમાં એ આપણે જોઈ શકીએ છીએ. પભાષણ નીચે ગાદીમાં આસન ઉપર એક ઝુલતો ભાગ છે, બધામાં અલગ અલગ પ્રકારની ડિઝાઇન કરવામાં આવી છે. પરમાત્મા ની ઉપર છત્ર છે ,બે હાથી છે, પુષ્પની માળા લઈને આવતા દેવો છે, બંને બાજુ શાસન દેવીઓનું અંકન છે,  અંતિમ પ્રતિમા નવમી સદીની છે જેમાં શંખનું શીલ્પાંકન કરવામાં આવ્યું છે.લાંછનની પ્રતિમા શરૂ થઈ ગઈ હતી મથુરામાં એ અહીં આપણને દ્રષ્ટિગોચર થાય છે.  મધ્યકાલીન આદિનાથ ભગવાનની પ્રતિમા આપણને જોવા મળે છે પરીકર ખૂબ જ ભવ્ય બનાવવામાં આવ્યું છે. આઠમી સદીની પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા,આઠમી સાદીની દિગંબર અવસ્થામાં એટલે કે સલિંગ પ્રતિમા આપણને દેખાય છે આ બધું જ પ્રતિમા લગભગ આઠમી સદીમાં આ પ્રકારની પ્રતિમાઓ બનતી હતી જેમાં અલગ અલગ પ્રકારનું શિલ્યાંકન શરૂ થઈ ગયું હતું, પ્રતિમાની નીચે આપણે જોઈ શકીએ છીએ એકદમ અલગ પ્રકારનું ડિઝાઇન હતું. શાંતિનાથ ભગવાનની પ્રતિમા પણ ખૂબ અદભુત

રીતે બનાવવામાં આવી હતી. આ બધી આપણને અલગ અલગ શિલ્પો રૂપે દેખાય છે મધ્યકાળમાં સર્વતોભદ્ર ની એટલે કે ચતુર્મુખી પ્રતિમા અલગ અલગ રીતે બનવાની શરૂ થઈ ગઈ હતી. પહેલાની અને પછીની એ બંને પ્રતિમાઓમાં થયેલા ફેરફાર આપણે અહીં સ્પષ્ટ પણે જોઈ શકીએ છીએ. ગુપ્તકાલીન ભાષાનો શિલાલેખ પણ આપણને પ્રાપ્ત થાય છે પણ પ્રતિમા મધ્યકાળની જ છે. વચ્ચે ધર્મચક્ર અને બંને બાજુથી સિંહનું  નું અંકન પણ આપણને મળે છે.

લગભગ 11 મી સદીની પ્રતિમાઓ આપણને ત્રણ અદભુત પ્રતિમાઓ આપણને પ્રાપ્ત થઈ છે, જે પાંચ ફૂટ ઊંચી છે આજે લખનઉ મ્યુઝિયમ માં બિરાજમાન છે. આ પ્રતિમાની ખાસિયત એવી છે કે એમાં શ્વેતાંબર મૂળ સંઘના નામનો સ્પષ્ટ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તો સ્વાભાવિક રીતે એક માન્યતા રહે છે કે જે મૂળ સંઘ છે શ્વેતાંબરમાં ગચ્છઆદિ પરંપરા હતી, જે મૂલ સંઘ,કાષ્ટ સંઘ આદિ પરંપરાઓ છે. બધા અલગ અલગ નામ છે એવી માન્યતા છે કે મૂળ શંઘ છે એ દિગંબર પરંપરાનો છે પણ અહીં આપણને સ્પષ્ટપણે શ્વેતાંબરોનો પણ મૂળ સંઘ હતો એ આપણને આ શિલાલેખ દ્વારા પ્રાપ્ત થાય છે. શ્વેતાંબર નો માથુરસંઘ પણ હતો એ અંગે પણ આપણને પ્રાપ્ત થાય છે. ત્રણ અલગ અલગ પ્રતિમાઓ, એમાં સ્પષ્ટપણે આવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. એમાં દેવનિર્મિત શબ્દ પણ છે  એટલે દેવ નિર્મિત સ્તૂપ ની અંદર આવી પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવતી હતી. શ્વેતાંબર મૂળ અને માથું સંગ દ્વારા એનો આપણને સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. ઘણા સ્કોલરનું એવું માનવું હતું કે આ દિગંબર પરંપરાની જ પ્રતિમા છે પણ નિર્વિવાદ પણે આ શ્વેતાંબર પરંપરાની શ્વેતાંબર પરંપરાની પ્રતિમા છે કારણ કે સૌથી પહેલા તો ઉત્ખનન થયું ત્યારથી આ ગવર્મેન્ટ ના અંડર માં જ છે અને એમાં કોઈ ફેર બદલ કરવામાં આવ્યો નથી, એ પોસિબલ નથી. જે શ્વેતાંબર શબ્દ છે એ શિલાલેખની મધ્યમાં છે શરૂઆતમાં કે છેલ્લે માં નથી કે જેને પાછળથી ઉમેરવામાં આવી શકે બધી જ વાતો ડોક્ટર સાગર મલજી જઈને પોતાના રિસર્ચમાં કરી છે. લીપી વાપરવામાં આવે છે એ પણ પ્રાચીન લીધું છે એનો કોઈ નવેસરથી અંકન કરવામાં આવ્યું નથી અને એ પણ થઈ શકે કે નીચેમાં જે પ્રભાસણ છે એની અંદર જે સાધુ સાધ્વીજીઓ નું અંકન છે એમના હાથમાં

રજો હરણનું અંકન છે, મોરપીંછ નથી. સાથે આપણી પાસે સાહિત્યિક પ્રમાણ પણ છે કે આપણા આટલા મોટા આચાર્ય ભગવાન તો મથુરા ગયા હતા અને બપ્પ ભટ્ટ સુરેશ્વરજી મહારાજે તેનો જીર્ણોદ્ધાર કર્યો હતો. બધા જ લેખો આપણને સ્પષ્ટ પણે પ્રાપ્ત થાય છે. એટલે આ એવી વાત શ્વેતાંબર પરંપરાનું ની પ્રતિમા છે

શ્વેતાંબર પરંપરા માં પણ મૂળ સંઘ હતો તેની આ પ્રતિમા દ્વારા આપણને પુષ્ટિ થાય છે. એ સમયમાં દેવ દેવીઓ ની પ્રતિમા બનાવવાની શરૂઆત થઈ ગઈ હતી. આ પરંપરા ઘણી પ્રચલિત થઈ હતી અને સ્પષ્ટપણે એમના પણ અલગ અલગ પરિકરો બનવા માંડ્યા હતા. તેમની પ્રતિમા ઉપર એના મસ્તક ઉપર અરિહંત પરમાત્માની પ્રતિમા બનાવવામાં આવતી હતી, પ્રાપ્ત થાય છે એ સમયમાં તે પ્રથા બહુ પ્રચલિત થઈ હતી. અંબિકાદેવી ની પ્રતિમા માં છે, એમના હાથમાં બાળક છે એવી આપણને પ્રાપ્ત થાય છે ચકેશ્વરી દેવી અને ક્ષેત્રપાળ દેવ ની પ્રતિમા આપણને પ્રાપ્ત થાય છે તો આવી સ્પષ્ટ પ્રતિમાઓનું અંકન તે સમયમાં શરૂ થઈ ગયું હતું. મધ્યકાળમાં સ્પષ્ટપણે તેમની અલગ ઉપાસના થતી હતી. તેના પ્રમાણ આપણને પ્રાપ્ત થાય છે. આપણે જોયું કે દરેક કાળમાં મૂર્તિ કળા નો કેવો સરસ વિકાસ થયો હતો કુશાનકાળ પૂર્વ કુશાનકાળ ગુપ્તકાળ અને મધ્યયુગમાં મૂર્તિ કળાનો જે વિકાસ થયો હતો એને આપણે ક્રમ પદ્ધતિ જોઈ શકીએ છીએ. સ્તૂપો બનતા હતા એ એની પૂજા થતી હતી પછી આયગપટ્ટો બનવા માંડ્યા. પ્રીમેતીવ દેખાતી પ્રતિમા આપણને મળી જેનો સપ્રમાણ દેહ ન હતું મોટું હતું ભગવાનની મુખાકૃતિ એવી સૌમ્ય નહોતી પછી ધીમે ધીમે ગુપ્તકાળમાં પરિવર્તન થયું. ગુપ્તકાળમાં સપ્રમાણ પ્રતિમાઓ બનવા મંડી પરીકરો વિશાળ તથા ગયા એમાં આભામંડળ પ્રભા મંડળના રૂપમાં બદલી ગયું એના પછી મધ્યકાળ આવ્યો ચારે કાળનો જે વિકાસ થયો તે અહીં આપણે જોઈ શકીએ છીએ સમય સમયે જે ફેરફાર થયા એ પણ આપણે જોઈ શકીએ છીએ એની લાક્ષણિકતાઓ જોઈને આપણે નક્કી કરી શકીએ છીએ એ આપણને હેલ્પ કરે છે કે કઈ પ્રતિમાઓ કયા સમયની હતી એ આપણે દ્વારા જાણી શકીએ છીએ કે દરેક કાળમાં મૂર્તિ કલાનો કેવો અદભુત વિકાસ થયો છે અને આ બધા પણ ફેરફારો જે થયા એ ખૂબ જ સરસ થયા હતા. એ આપણને મુખ્યત્વે ગુપ્તકાલીન અને મધ્યકાલીન પ્રતિમાઓ ઉત્ખનનથી વધારે પ્રાપ્ત થાય છે એટલે આપણે ઘોષણા કરી દઈએ છીએ કે આ

2500 વર્ષ કે 2200 વર્ષ  આ પ્રાચીન છે આ બધી જ ગુપ્તકાલીન અને મધ્યકાલીન પ્રતિમાઓ છે એ આપણે જાણતા નથી કોઈ પણ વસ્તુ આર્કિલોજીકલી આપણે જોતા નથી આપણે શ્રદ્ધાની દ્રષ્ટિએ જોઈએ છે એ જ માન્યતા આપણે ધરાવીએ છીએ. પણ આરકિયોલોજીકલ રીતે જોઈએ તો આ બધી ગુપ્તકાલીન અને મધ્યકાલીન પ્રતિમાઓ છે જેમ આપણે ઇન્ડિપેન્ડન્ટ એટલે સ્વતંત્ર મૂર્તિઓમાં વિકાસ જોયો. સર્વતોભદ્રતો ની પ્રતિમા માં પણ આપણે વિકાસ જોયો. એ પછી આપણે જોયું કે મથુરાનો ધ્વન્સ થઈ ગયો છે.

હવે વર્તમાનમાં મથુરાની શું પરિસ્થિતિ  છે એ જોઈએ મથુરામાં શ્વેતાંબર પરંપરાનું એકમાત્ર જિનાલય છે તે શ્રી કલ્પદ્રુમ પાશ્વનાથ ભગવાનનું છે. ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો એમ કહેવામાં આવ્યું છે કે મથુરામાં પાછળના ભગવાન ખૂબ જ ખૂબ જ પ્રચલિત હતા અને તે દુઃખ હરનાર હતા, દુર્ગતિનું નિવારણ કરનારા હતા એવું આપણને ગૌતમ સ્વામી ગણધર દ્વારા જગ ચિતામની ચૈત્યવંદનમાં મથુરાના પાર્શ્વનાથ ભગવાનનો ઉલ્લેખ મળે છે. વર્તમાનમાં જે પ્રતિમા છે એ એટલી પ્રાચીન નથી પણ એ સમયમાં પણ મથુરામાં પાર્શ્વનાથ ભગવાન ખૂબ જ પ્રભાવક હતા. એનો આપણને ઉલ્લેખ મળે છે. એટલે કીવદંતી છે કે વર્તમાન નીચે પ્રતિમા છે એ  કુબેર સેના ગણિકા દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું અને બપ્પ ભટ્ટ સુરીશ્વરજી મહારાજના ઉપદેશ દ્વારા એનું જીર્ણોદ્ધાર કરવામાં આવ્યું હતું આઠમી સદીમાં. પણ વર્તમાનમાં જે આપણને પ્રતિમા દેખાઈ રહી છે એ એટલી પ્રાચીન નથી, પ્રાચીન તો છે પણ આઠમી સદી જેવી પ્રાચીન નથી. 14મી સદીમાં આપણને સદીમાં આચાર્ય જીનપ્રભસુરીશ્વરજી મહારાજ દ્વારા વિવિધ કલ્પ તીર્થમાં ઉલ્લેખ મળે છે. જે આક્રમણો થયા હતા એના કારણે આખા જિનાલયનો ધ્વંશ થયો હતો અને એમ માન્યતા છે કે પ્રતિમાની સુરક્ષા માટે તેને ભૂગર્ભમાં રાખી હતી અને ખોદકામ કરતા  આ પ્રતિમા આપણને પ્રાપ્ત થઈ છે.

જ્યારે હીર વિજય સુરીશ્વરજી મહારાજ અહીં આવ્યા ત્યારે એમણે આ પરમાત્માના દર્શન કર્યા હતા એટલે ચોક્કસ પ્રમાણ હીરવિજયસુરીશ્વરજી મહારાજ લગભગ 16 મી સદી થી પ્રાચીન તો અવશ્ય છે અને ત્યારે પાર્શ્વનાથ ભગવાનના જીનાલયના દર્શન કર્યા હતા તેની જ આ

પ્રતિમા જે કલ્પદ્રુમ પાર્શ્વનાથ ભગવાનની જ આ પ્રતિમા હતી. આ પ્રતિમાને મથુરા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ના નામે પણ ઓળખવામાં આવે છે. લગભગ 1928 માં દર્શન વિજય મહારાજના હાથે આ જીનાલયનો જીર્ણોદ્ધાર થયો હતો. ગિયા મંડી નામના વિસ્તારમાં છે પણ તેની અવસ્થા ખૂબ જ ખરાબ છે જીર્ણોદ્ધારની ખુબ જ જરૂર છે અને પરમાત્માને બિરાજમાન કરવાની જગ્યા ખૂબ જ શોભનીય હોવી જોઈએ. આ જગ્યામાં ખૂબ જ મેંન્ટેનન્સની આવશ્યકતા છે. ચિંતામણી પાર્શ્વનાથ જીનાલય  જે આગ્રામાં સ્થિત છે એના દ્વારા અહીંનો વહીવટ કરવામાં આવે છે,જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો દર્શન વિજયજીના સમયમાં એનો આ શિલાલેખ નો ફોટો છે પ્રાપ્ત થાય છે એમાં એનો આખો ઈતિહાસ આપણને મળે છે. મથુરા નો સંપૂર્ણ ઇતિહાસ આઠ શિલાલેખમાં કંડારવામાં આવ્યો છે. કલ્પદ્રુમ પાર્શ્વનાથ ભગવાનનું જીનાલય ગિયા મંડી વિસ્તારમાં સ્થિત છે. અંદર જતા જ એક ચોગાના આવે છે. એ ચોગાનની અંદરમાં જિનાલય છે. જિનાલયમાં પ્રવેશ કરવા માટે અલગ અલગ દ્વાર છે. અને જે વચલો દ્વાર છે એના દ્વારા વચ્ચે શ્રીકલ્પદ્રુમ પાશ્વનાથ ભગવાનના દર્શન થાય છે તો 108 પાર્શ્વનાથ ભગવાનમાંથી આ એક છે પાર્શ્વનાથ ભગવાન છે તે ખૂબ જ પ્રભાવક પ્રતિમા છે. એટલે એમ કહી શકાય કે આ પ્રતિમાનો એવો અચિંત્ય  પ્રભાવ છે કે જેમણે જેમણે અહીં દર્શન પૂજા કરી તેમને એવી અનુભૂતિ થઈ છે કે તેમને સાક્ષાત  ભગવાનની આરાધના કરી છે. 23 ઇંચ ઊંચા પ્રતિમા છે 21 ઇંચ પહોળા પ્રતિમા છે અને સપ્તફણા આયુક્ત શ્વેત આરસમાં ખૂબ જ ધવલ આરસમાં આ પ્રતિમા નું નિર્માણ થયું છે. કલ્પદ્રુમ નામ નામ ખૂબ જ પ્રાચીન છે પણ એનું નામ કેમ પડ્યું એ સાક્ષાત કલ્પવૃક્ષ સમાન પાર્શ્વનાથ ભગવાન છે અને આ પાર્શ્વનાથ ભગવાનનું અદભુત શિલ્પ છે. અહીં એનો જાપ મંત્ર પણ આપવામાં આવ્યો છે .ભગવાનને મનમાં ધારણ કરીને આ મંત્રનો જાપ કર્યો હશે ઓમ રીમ અરહમ કલ્પદ્રુમ પાશ્વનાથાય નમઃ

ઈચ્છા વિના માંગ્યા વિના તુજ ભક્તિ મુક્તિ આપતી
તું કલ્પ ધ્રુમથી અધિક છે નાથજી કલ્પદ્રુમાં પાશ્વનાથજી
મથુરા મહી મધુરા પ્રભુજી મુજે મોહ ને મથી નાખજો
કલ્પધ્રુમ પાશ્વનાથ પ્રભુ ભાવે કરું હું વંદના

કલ્પદ્રુમ પાર્શ્વનાથ ભગવાનના જિનાલયમાં આપણે જોઈ શકીએ છીએ કે એક આદિનાથ ભગવાનની ગોમતી બનાવવામાં આવી છે આ એક જ ખુમતી છે જેના અલગ અલગ ફોટા બી રાખવામાં આવ્યા છે અહીં શ્રી જમ્બૂસ્વામી ભગવાનની પાદુકાઓ છે રાજુલ દેવીની પણ અહીં  ચરણ પાદુકા બિરાજમાન કરવામાં આવી છે, જે મથુરાના જ હતા અને ચરણ પાદુકાઓ દર્શન વિજયજી મહારાજના સમયમાં લગભગ સો વર્ષ થવા આવ્યા છે,હજુ 100 વર્ષ પૂરા થયા નથી આ ચરણ પાદુકા પ્રદર્શિત કરવામાં આવી છે. શ્રી પાર્શ્વ યક્ષ શ્રી પદ્માવતી અને તથા શ્રી ચક્રેશ્વરી દેવી ની પ્રતિમાઓ છે. આ જિનાલયની વર્તમાન બિસ્માર અવસ્થા જોઈ અને એના જીર્ણોદ્ધારની ચોક્કસ જરૂર છે.

હવે મથુરાની અંદર દિગંબરોના જિનાલય છે એની આપણે વાત કરીએ અહીં જે સૌથી મુખ્ય સ્થાન છે મથુરાનું આસ્થાનું કેન્દ્ર છે એ ચોરાસીનું મંદિર છે આ મંદિર હાલમાં દિગંબર સંપ્રદાયના હાથમાં છે પણ એમાં ઉલ્લેખ આદી પ્રાપ્ત થાય છે કે આ સ્થળ પહેલા શ્વેતાંબરોના હાથમાં હતું. કેશવપુર વિસ્તારમાં દિગંબરથી ના લે છે અને એવી માન્યતા છે 84 આગમોની વાંચના અહીં સ્કંદિલાચાર્યએ કરી હતી અહીંનું નામ ચોરાસી પડ્યું હતું. દિગંબરોની એક અન્ય માન્યતા એ છે કે અહીં જંબુસ્વામી ચોરાસી વર્ષ પછી નિર્માણ પામ્યા હતા એટલે આ જગાનું નામ ચોરાસી મંદિર છે. 1611 માં આચાર્ય હીરવિજય સુરીશ્વરજી મહારાજ ના શિષ્ય વિવેક હર્ષ ગણી જે અહીં ત્રણ પાદુકાની પ્રાચીન ચરણ પ્રાદુ પાદુકા ની પ્રતિષ્ઠા કરી હતી. પણ દિગંબર માન્યતા એ છે કે આ જે ચરણ પાદુકા છે તે અહીં ખોદકામ થી પ્રાપ્ત થયા હતા અને વર્તમાનમાં પણ આપણે જોઈએ તો લેખ જે છે એ સંપૂર્ણપણે ભૂસાયેલ છે. તો ત્રિપુટી મહારાજ પોતાના જે પુસ્તક છે' જૈન તીર્થોનો ઇતિહાસ' એમાં લખે છે કે અમે આ લેખ સંપૂર્ણપણે વાંચ્યો હતો અને એમાં શ્રી વિવેક હર્ષગણી નું નામ પણ છે પણ વર્તમાન કાલે એ ભૂસાઈ ગયું છે એના કારણે આ લેખ હવે હયાત નથી. ચોરાસી મંદિરનો આપણને ઇતિહાસ પ્રાપ્ત થાય છે. 19 મી સદીમાં ભરતપુર માં એક શ્રાવક ને સ્વપ્ન આવ્યું જગ્યાએ જાવ અને અહીં ખોદકામ કરશો તો જમ્મુ સ્વામીના પ્રાચીન ચરણ પાદુકા પ્રાપ્ત થશે. ભરતપુર થી મથુરા આવ્યા મથુરા આવીને અહીં ખોદકામ કર્યું ત્યારે આ વાળા પ્રાચીન ચરણ પાદુકા પ્રાપ્ત થયા અને

મંદિર નિર્માણની તેમને ભાવના જાગી અને જેટલા પણ લોકો આવ્યા તે બધાને થોડો થોડો ફાળો કર્યો પણ તે પર્યાપ્ત નહોતો જીનાલય બનાવવા માટે. એટલે તેઓ  મથુરાના ખૂબ જ મોટા એક શેઠ હતા મણીરામ તોન્ગ્યા એમની પાસે ગયા અને તેમને વિનંતી કરી કે તેઓ મુખ્ય ફાળો આપીને આ જિનાલયનું નિર્માણ કરાવ્યું. પહેલા પ્રાચીન મૂળનાયક ચંદ્ર પ્રમસ્વામી ભગવાન હતા.જે મણીરામ ટોંગ્યા છે  એમના જ પૌત્ર એટલે કે રઘુનાથદાસે ગ્વાલિયરથી ત્રણ ફૂટના અજીતનાથ ભગવાન લાવીને એ પણ ખૂબ જ પ્રાચીન પ્રતિમા લાવીને એની પ્રતિષ્ઠા અહીં કરી. તો અજીતનાથ ભગવાનની જે પ્રતિમા છે એ ત્રણ ફૂટ ઊંચી છે. એ 14 મી સદીની પ્રતિમા છે અને ભટારક સુકીર્તિ અને એમના શિષ્ય ને સુકરને તોમર વંશના જે રાજ્ય શાસક હતું. તે સમયે ગ્વાલિયરમાં આ પ્રતિમા નું નિર્માણ કરવામાં આવ્યું હતું. ગ્વાલિયરથી આ પ્રતિમા પ્રાપ્ત થઈ હતી મણિલાલ મણીરામ આજે ખૂબ જ મોટા દિગંબર શ્રાવક હતા. એટલે એમને પોતાના રેફરન્સ ફોર્સ થી ગ્વાલિયર ના નરેશ પાસેથી આ પ્રતિમા માંગી અને મથુરામાં તેની સ્થાપના કરી. કેવી રીતે સ્થાપના કરી એનો પણ એક રોચક ઇતિહાસ છે. અહીં 1870 થી જોઈએ છે કે અહીં વાર્ષિક મેળો ભરાય છે. 1929 માં અહીં માનસંભ ની સ્થાપના કરવામાં આવી. એટલે આને 964 માં આજના જીર્ણોદ્ધાર પણ કરવામાં આવ્યો હતો. તો ખૂબ જ ભવ્યાતિભવ્ય આ જિનાલય બનાવવામાં આવ્યું છે. કાચનું કામ કરાવવામાં આવ્યું છે. એની જે મુખ્ય પ્રતિમા છે અજીતનાથ ભગવાનની, એની નીચે જંબુ સ્વામીજીના ચરણ પાદુકા બિરાજમાન કરવામાં આવ્યા છે.ચોરાસી મંદિરના અલગ અલગ શિલ્પો આપણે જોઈએ તો એન્ટર સગેટ છે તે ખુબજ  ભવ્ય છે. વચ્ચે મેરુ પર્વત આકારનો પ્રાચીન અવશેષ પ્રાપ્ત થાય છે એને પણ સંગ્રહિત રૂપે રાખવામાં આવ્યો છે. જમણી તરફ ના માનસ્તંભને પણ આપણે જોઈ શકીએ છીએ. બન્નેબાજુ પ્રાચીન પાર્શ્વનાથ ભગવાન છે એ અત્યારથી ખૂબ જ પ્રાચીન છે. તે માનવામાં આવે છે કે કુશાનકાલીન પ્રતિમા છે. ખૂબ જ પ્રાચીન પાર્શ્વનાથ ભગવાન અહીં બિરાજમાન છે. વચ્ચે રત્ન મંદિર છે. એમાં 24 તીર્થંકરોના રત્નમય નાનકડી નાનકડી પ્રતિમાઓ બનાવવામાં આવી છે. સૌથી ઊંચી જમ્બૂ સ્વામીની પ્રતિમા પદ્માસન માં મુદ્રા અહીં બનાવવામાં આવી છે. અહીંથી જંબુ સ્વામીજીનું નિર્માણ થયું હતું. એ સ્મરણ માં રાખી ને વિશ્વની સૌથી મોટી જમ્બુસ્વામી ની પ્રતિમા બનાવવામાં આવી છે. નિયમિતપણે અહીં અભિષેક

થાય છે અને ખૂબ જ વિશાળકાય પ્રતિમા છે. લોકો શ્રધ્ધાથી આવીને અહીં દર્શન પૂજા આરાધના કરે છે. આ ખૂબ જ ભવ્ય જિનાલય છે. એમાં અલગ અલગ પ્રકારની કલાકારીગીરી આપણે જોઈ શકીએ છીએ. જમ્બૂ સ્વામીજીનું અહીંથી નિર્વાણ થયું હતું એટલે આ સિદ્ધ ક્ષેત્ર પણ કહેવાય છે. સિદ્ધ ક્ષેત્રની અંદર આપણે મથુરા નો ઉલ્લેખ કરી શકીએ છીએ. જેવો આ કાળના  અંતિમ કેવલી અને મોક્ષગામી હતા.

*************************************************************